3

PG. CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG. CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૮૬/કવા–૦૧/૧૮–૧૯/ 7535-5 તા. 13-8

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
એલીકા વીટ્રીફાઈડ પ્રા.લી.,
– માર્પ હાઉસ–, પ્રથમ માળ
ડો. તખ્તસીહજી રોડ,
મોરબી – ૩૬૩ ૬૪૧
મો: ૯૮૭૯૬ ૦૮૨૩૦/૩૧

વિષય :–ઈન્ટ્રા સ્ટેટ ટ્રાન્સમીશન તથા ડીસ્ટ્રીબ્યુશન ચાર્જ રીફંડ આપવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૮–૦૬–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૮૬/કવા–૦૧/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, મોરબી

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૮૬/કવા–૦૧/૧૮–૧૯ | કમિટી મીટીંગઃ તા. ૦૪–૦૮–૧૮ | સ્થળ : મોરબી |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: એલીકા વીટ્રીફાઈડ પ્રા.લી., ગામ: મોરબી**

**રજુઆત કરનાર: એલીકા વીટ્રીફાઈડ પ્રા.લી. ના પ્રતિનીધી તરીકે હરેશભાઈ પી. બરાસરા હાજર રહેલ છે.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : મોરબી (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, મોરબી)**

**રજુઆત કરનાર :એન.ડી.પનારા – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, મોરબી**

## : હુકમ :

**ફરીયાદ : ઈન્ટ્રા સ્ટેટ ટ્રાન્સમીશન તથા ડીસ્ટ્રીબ્યુશન ચાર્જ રીફંડ આપવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ ૧૮૦૦ કેવીએનુ એચ.ટી. વીજજોડાણ ગ્રાહક નં.–૨૬૮૦૭ થી ધરાવે છે. નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– ઓપન એકસેસ અંગેના નોટીફિકેશન નંબરઃ ૦૩/૨૦૧૧ ના – પ્રકરણ –૭ – losses under section -13 " In above reference notification its clear that – energy loss in transmission system, to be born by transmission system users in proportion to their schedule energy of intrastate transmission system as determine by state load dispatch centre. And distribution loss to be bears at different voltage level in tarrif order for the different year and shall be proportion to the scheduled energy by the open access users.'' અન્વયે પીજીવીસીએલ દ્વારા વીજબીલ ની ગણતરી ખોટી રીતે કરી વધુ વસુલાત કરે છે, જેથી અમારા એબીટી મીટર લગાડયા તારીખ થી અમારા દરેક વીજબીલ રીવાઇઝ કરી અને વધુ વસુલ કરેલ બીલ ની રકમ રીફંડ અપાવવા વિનંતી – બાબતે તેઓએ અગાઉ તા.૦૮–૦૮–૧૭ થી કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી મોરબી ને રજુઆત કરેલ – તેમ છતા – ન્યાય મળેલ ન હોય જેથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી એલીકા વિટ્રીફાઈડ પ્રા.લી. દ્વારા ઇન્ટ્રા સ્ટેટ ટ્રાન્સમીશન તથા ડીસ્ટ્રીબ્યુશન ચાર્જ રીફંડ આપવા બાબતની અરજી કરેલ છે જેનો ફોરમનો નોંધણી નં.૮૬/કવા-૦૧/૧૮-૧૯ છે.<br>સદર બાબતે આપને જણાવવાનું કે GERC રેગ્યુલેશન ૨૦૧૧ ના નોટીફિકેશન નં. ૦૨/૨૦૧૧ ના મુદ્દા નં. ૨.30 (iii) મુજબ ની વિગતે ફરિયાદ નુ કારણ ઉભું થાય તે તારીખ થી ૨ વર્ષ પછી ફરિયાદ નોંધણી કરે તો તેવા કિસ્સા માં ફોરમે કાઈ કરવાનું રહેતું નથી. સદર કેસ માં પણ ગ્રાહકે ૦૨ મે ૨૦૧૩ થી ઇન્ટ્રાસ્ટેટ ટ્રાન્સમીશન તથા ડીસ્ટ્રીબ્યુશન ચાર્જ રીબેટ ની માંગણી હોય ફોરમ માં આ કેસ ચલાવવા નુ કોઈએ કારણ રહેતું નથી. |
| ૨.૨ | ફોરમ કમિટી મીટીંગ દરમ્યાન –વધુમાં પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – સદર અરજદાર ની ફરીયાદ અન્વયે લાગુ પડતી બાબતે – જીઈઆરસી મા દાખલ પીટીશન નં.– ૧૬૭૨ / ૨૦૧૭ રજુ કરાયેલ –તે મુજબ બાબત સરખી હોય – જે નિર્ણય આવશે તે બંધનકર્તા રહેશે, તેમ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ જણાવેલ. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, એલીકા વીટ્રીફાઈડ પ્રા.લી., ગામઃ મોરબી ખાતે ૧૮૦૦ કેવીએનુ એચ.ટી. વીજજોડાણ ગ્રાહક નં.–૨૬૮૦૭ થી ધરાવે છે.<br>નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૨.૩૦(૩) અને ઓપન એકસેસ અંગેના નોટીફિકેશન નંબરઃ ૦૩/૨૦૧૧ ના ચેપ્ટર ૧૨ ના મુદ્દા નં. ૪૫ માં કરાયેલ જોગવાઈ મુજબ – સદર વિવાદ અંગે ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર બહાર હોય – તેમ છતા – પીજીવીસીએલ પક્ષકાર ના જણાવ્યા મુજબ – જીઈઆરસી મા દાખલ કરાયેલ પીટીશન નં.– ૧૬૭૨ / ૨૦૧૭ નો જે નિર્ણય આવશે – તે નિર્ણય પીજીવીસીએલ ને બંધનકર્તા રહેશે. આમ, સદર કેઈસ મા – ફોરમ કમિટી તરફથી વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, અરજદાર તરફથી મળેલ સદર ફરીયાદ અરજી દફતરે કરવા બાબતે નો – ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.